Mr. E. I. HOWARD'S

ENGLISH PRIMER

Literally & Idiomatically translated

INTO

GUJARATI

COMPILED FOR THE USE OF

SCHOOLS & PRIVATE STUDENTS

Published by a Student.

Bombay

Printed at the "Imperial Press."

A. D. 1881. સને ૧૮૮૧.

Price 3 Annas.

મત ૩ આના.

N	n	*N*	*n*	𝒩	𝓃	𝔑	𝔫	en	એન	ન—ણ
O	o	*O*	*o*	𝒪	ℴ	𝔒	𝔬	o	ઓ	ઓ
P	p	*P*	*p*	𝒫	𝓅	𝔓	𝔭	pee	પી	પ
Q	q	*Q*	*q*	𝒬	𝓆	𝔔	𝔮	kue	ક્યુ	ક્વ—ક
R	r	*R*	*r*	ℛ	𝓇	ℜ	𝔯	are	આર	ર
S	s	S	*s*	𝒮	𝓈	𝔖	𝔰	es	એસ	સ
T	t	*T*	*t*	𝒯	𝓉	𝔗	𝔱	tee	ટી	ત—ટ
U	u	*U*	*u*	𝒰	𝓊	𝔘	𝔲	u	યુ	યુ—ઉ
V	v	*V*	*v*	𝒱	𝓋	𝔙	𝔳	vee	વી	વ
W	w	*W*	*w*	𝒲	𝓌	𝔚	𝔴	Doubleu	ડબલ્યુ	ઉવ
X	x	*X*	*x*	𝒳	𝓍	𝔛	𝔵	eks	એક્સ	ક્સ
Y	y	*Y*	*y*	𝒴	𝓎	𝔜	𝔶	wy	વાઇ	ય—ઇ
Z	z	*Z*	*z*	𝒵	𝓏	ℨ	𝔷	zed	ઝેડ	ઝ—જ

1 2 3 4 5 6 7 8 9 10

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

ગુજરાતી મુળાક્ષરો.

GUJRATI ALPHABETS.

(ગુજરાથી આલ્ફા બેટસ)

વ્યંજનો. CONSONANTS (કૉન્સોનંન્ટસ)

k kh g gh ch chh j jh t th d dh n t th
ક ખ ગ ઘ ચ છ જ ઝ ટ ઠ ડ ઢ ણ ત થ

d dh a p ph b bh m y r l v sh
દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ

s s h l ks dny
ષ સ હ ળ ક્ષ જ્ઞ

સ્વરો VOWELS (વાવેલ્સ)

અ આ ઇ ઈ ઉ ઊ ઋ ૠ ઌ ૡ એ ઐ ઓ ઔ અં અઃ

ા િ ી ુ ૂ ે ૈ ો ૌ ં ઃ

a á ii ee uu oo ru roo lu loo e ai o au am ah :

બારાખડી SYLLABLE (સીલેબલ)

ka ka ki ku ka kai ko kau kam kah
ક કા (કિ કી (કુ કૂ) કે કૈ કો કૌ કં કઃ

kha kha khi khu khe khai kho khau kham khah
ખ ખા (ખિખી) (ખુખૂ) ખે ખૈ ખો ખૌ ખં ખઃ

ga gu ge gai go gau gam gah
ગા (ગુ ગૂ) ગે ગૈ ગો ગૌ ગં ગઃ

e ghai gho ghau gham ghah
ઘે ઘે ઘૈ ઘો ઘૌ ઘં ઘઃ

cha cha chi chu che chai cho chau cham chah
ચ ચા (ચિ ચી) (ચુ ચૂ) ચે ચૈ ચો ચૌ ચં ચઃ
chha chha chhi chhu chhe chhai chho chhau chham chhah
છ છા (છિ છી) (છુ છૂ) છે છૈ છો છૌ છં છઃ
ja ja ji ju je jai jo jau jam jah
જ જા (જિ જી) (જુ જૂ) જે જૈ જો જૌ જં જઃ
jha jha jhi jhu jhe jhai jho jhau jham jhah
ઝ ઝા (ઝિ ઝી) (ઝુ ઝૂ) ઝે ઝૈ ઝો ઝૌ ઝં ઝઃ
ta ta ti tu te tai to tau tam tah
ટ ટા (ટિ ટી) (ટુ ટૂ) ટે ટૈ ટો ટૌ ટં ટઃ
tha tha thi thu the thai tho thau tham thah
ઠ ઠા (ઠિ ઠી) (ઠુ ઠૂ) ઠે ઠૈ ઠો ઠૌ ઠં ઠઃ
da da di du de dai do dau dam dah
ડ ડા (ડિ ડી) (ડુ ડૂ) ડે ડૈ ડો ડૌ ડં ડઃ
dha dha dhi dhu dhe dhai dho dhau dham dha
ઢ ઢા (ઢિ ઢી) (ઢુ ઢૂ) ઢે ઢૈ ઢો ઢૌ ઢં ઢઃ
na na ni nu ne nai no nau nam nah
ણ ણા (ણિ ણી) (ણુ ણૂ) ણે ણૈ ણો ણૌ ણં ણઃ
ta ta ti tu te tai to tau tam tah
ત તા (તિ તી) (તુ તૂ) તે તૈ તો તૌ તં તઃ
tha tha thi thu the thai tho thau tham thah
થ થા (થિ થી) (થુ થૂ) થે થૈ થો થૌ થં થઃ
da da di du de dai do dau dam dah
દ દા (દિ દી) દુ દૂ) દે દૈ દો દૌ દં દઃ
dha dha dhi dhu dhe dhai dho dhau dham dhah
ધ ધા (ધિ ધી) (ધુ ધૂ) ધે ધૈ ધો ધૌ ધં ધઃ
na na ni nu ne nai no nau nam nah
ન ના (નિ ની) (નુ નૂ) ને નૈ નો નૌ નં નઃ
pa pa pi pu pe pai po pa pah
પ પા (પિ પી) (પુ પૂ) પે પૈ પો
pha pha phi phu phe phai ph
ફ ફા (ફિ ફી) (ફુ ફૂ) ફે ફૈ

ba	ba	bi	bu	bo	bai	bo	bau	bam	bah
બ	બા	(બિ | બી)	(બુ બૂ)	બે	બૈ	બો	બૌ	બં	બઃ
bha	bha	bhi	bhu	bhe	bhai	bho	bhau	bham	bhah
ભ	ભા	(ભિ | ભી)	(ભુ ભૂ)	ભે	ભૈ	ભો	ભૌ	ભં	ભઃ
ma	ma	mi	mu	me	mai	mob	mau	mam	mah
મ	મા	(મિ | મી)	(મુ મૂ)	મે	મૈ	મો	મૌ	મં	મઃ
ya	ya	yi	yu	yo	yai	yo	yau	yam	yah
ય	યા	(યિ | યી)	(યુ યૂ)	યે	યૈ	યો	યૌ	યં	યઃ
ra	ra	ri	ru	re	rai	ro	rau	ram	rah
ર	રા	(રિ | રી)	(રુ રૂ)	રે	રૈ	રો	રૌ	રં	રઃ
la	la	li	lu	le	lai	lo	lau	lam	lah
લ	લા	(લિ	લી	(લુ લૂ)	લે	લૈ	લો	લૌ	લં	લઃ
va	va	vi	vu	ve	vai	vo	vau	vam	vah
વ	વા	(વિ | વી)	(વુ વૂ)	વે	વૈ	વો	વૌ	વં	વઃ
sha	sha	shi	shu	she	shai	she	shau	sham	shah
શ	શા	(શિ | શી)	(શુ શૂ)	શે	શૈ	શો	શૌ	શં	શઃ
sa	sa	si	su	se	sai	so	sau	sam	sah
ષ	ષા	(ષિ | ષી)	(ષુ ષૂ)	ષે	ષૈ	ષો	ષૌ	ષં	ષઃ
sa	sa	si	su	so	sai	so	sau	som	sah
સ	સા	(સિ | સી)	(સુ સૂ)	સે	સૈ	સો	સૌ	સં	સઃ
ha	ha	hi	hu	he	hai	ho	hau	ham	hah
હ	હા	(હિ | હી)	(હુ હૂ)	હે	હૈ	હો	હૌ	હં	હઃ
la	la	li	lu	le	lai	lo	lau	lam	lah
ળ	ળા	(ળિ | ળી)	(ળુ ળૂ)	ળે	ળૈ	ળો	ળૌ	ળં	ળઃ
ksha	ksha	kshi	kshu	kshe	kshai	ksho	kshau	ksham	kshah
ક્ષ	ક્ષા	(ક્ષિ | ક્ષી)	(ક્ષુ ક્ષૂ)	ક્ષે	ક્ષૈ	ક્ષો	ક્ષૌ	ક્ષં	ક્ષઃ
dna	[illegible]	[illegible]	dnu	dne	dnai	dno	dnau	dnam	dnah
જ્ઞ	[illegible]	[illegible]	ી)	(જ્ઞુ જ્ઞૂ)	જ્ઞે	જ્ઞૈ	જ્ઞો	જ્ઞૌ	જ્ઞં	જ્ઞઃ

mra	tra	pra	dra
મ્ર	ત્ર	પ્ર	દ્ર

અંક	FIGURES	(ફીગર્સ)	
1	I	(ઉવન)	૧
2	II	(ટુ)	૨
3	III	(થ્રી)	૩
4	IV	(ફોર)	૪
5	V	(ફાઈવ)	૫
6	VI	(સિક્સ)	૬
7	VII	(સેવન)	૭
8	VIII	(એઈટ)	૮
9	IX	(નાઈન)	૯
10	X	(ટેન)	૧૦
11	XI	(ઈલેવન)	૧૧
12	XII	(ટ્વેલ્વ)	૧૨
13	XIII	(થરટીન)	૧૩
14	XIV	(ફોરટીન)	૧૪
15	XV	(ફીફ્ટીન)	૧૫
16	XVI	(સિક્સટીન)	૧૬
17	XVII	(સેવનટીન)	૧૭
18	XVIII	(એઈટીન)	૧૮
19	XIX	(નાઈનટીન)	૧૯
20	XX	(ટ્વેનટી)	૨૦
21	XXI	(ટ્વેનટીવન)	૨૧
22	XXII	(ટ્વેનટીટુ	૨૨
23	XXIII	(ટ્વેનટી[illegible]	[illegible]
24	XXIV	([illegible]	
25	XXV		

પ્રાઇમરનો ગુજરાતીમાં તરજુમો.

English Alphabets (ઇંગ્લિશ આલફા બેટસ)

અંગ્રેજી મૂળાક્ષરો.

A	B	C	D	E	F	G	H	I	J
એ	બી	સી	ડી	ઇ	એફ	જી	એચ	આઇ	જે
K	L	M	N	O	P	Q	R	S	T
કે	એલ	એગ	એન	ઓ	પી	કયુ	આર	એસ	ટી
U	V	W	X	Y	Z				
યુ	વી	દબલ્યુ	એક્સ	વાય	ઝેડ.				
a	b	c	d	e	f	g	h	i	j
એ	બી	સી	ડી	ઇ	એફ	જી	એચ	આઇ	જે
k	l	m	n	o	p	q	r	s	t
કે	એલ	એમ	એન	ઓ	પી	કયુ	આર	એસ	ટી
u	v	w	x	y	z.				
યુ	વી	ડબલ્યુ	એક્સ	વાય	ઝેડ.				

Vowels. — સ્વરાક્ષરો.

A E I O U Y — એ ઇ આઇ ઓ યુ વાય.

Consonants. — વ્યંજનો.

B C D F G H J K L M [illegible] Q R S T [illegible] Y Z.

બી સી ડી એફ જી એચ જે કે એલ એમ એન પી કયુ આર એસ ટી વી ડબલ્યુ એક્સ વાય ઝેડ.

nts. — સંયુક્ત વ્યંજન.

ચ ક (આથવા ધ) શ.

LESSONS ON THE VOWELS.

સ્વરો ના પાઠ.

પાઠ ૧ લો.

O long (ઓ) દીર્ઘ.
No (નો) નહી, ના.
So (સો) એવું, એમ, એટલું.
Lo (લો) જો, જો જો.
Go (ગો) જા, જવું.

E long (ઈ) દીર્ઘ.
Me (મી) મને.
Ye (ઈ) તમે, તમો.
Be (બી) થવું, હોવું.
We (ઉવી) અમે, આપણે.

We go (ઉવી ગો) અમે જઈએ છીએ.
Be so (બી સો) એવા થાઓ.
Go ye (ગો ઈ) તમે જાઓ.
So we go (સો ઉવી ગો) અમે એમ જઈએ છીએ.
Be ye so (બી ઈ સો) તમે એવા થાઓ.
Lo we go (લો વી ગો) જો, અમે જઈએ છીએ.

પાઠ ૨ જો.

A short (એ) હ્રસ્વ.
An (એન) એક.
Am (ઍમ) છું, છઉં.
As (ઍઝ) જેમ, જે પ્રમાણે.
At (ઍટ) તરફ.

I short (આઈ) હ્રસ્વ.
In (ઈન) અંદર, મા.
Is (ઈઝ) છે.
It (ઈટ) તે.
If (ઈફ) જો, અ

Is it so? (ઈઝ ઈટ સો) તે એમ છે?
It is so (ઈટ ઈઝ સો) તે એમ છે.
Lo, it is he (લો ઈટ ઈઝ હી) જો

If ye go, I go (ઇફ઼ ઈ ગો આઇ ગો) જો તમે જાઓ તો હું જાઉં.

We go in (વી ગો ઇન) અમે અંદર જઈએ છીએ.

Is he in it ? (ઇઝ હી ઇન ઇટ) તે તેમાં છે ?

He is in it (હી ઇઝ ઇન ઇટ) તે તેમાં છે.

If it be so, I go (ઇફ઼ ઇટ બી સો આઇ ગો) જો તે એવું હોય તો હું જાઉં.

પાઠ ૩ જો.

O short (ઓ) હ્રસ્વ.
On (ઑન) ઉપર.
Ox (ઑક્સ) બળદ.
Of (ઑફ઼) નો, ની, નું, ના, વિષે.
Us (અસ) હમને, આપણને.
I long (આઇ) દીર્ઘ.
U short (યુ) હ્રસ્વ.
Not (નૉટ) ના, નહિ.
Up (અપ) ઉપર.
Y long (વાઇ) દીર્ઘ.
My (માઇ) મારૂં.
By (બાઇ) પાસે, થી.

I am so (આઇ ઍમ સો) હું એમ છું.

It is my ox (ઇટ ઇઝ માઇ ઑક્સ) તે બળદ મારો છે.

Go ye up (ગૉ ઇ અપ) તમે ઉપર જાઓ.

We go by (વી ગો બાઇ) હમે પાસેથી જઈએ છીએ.

Is it my ox ? (ઇઝ ઇટ માઇ ઑક્સ) શું તે મારો બળદ છે?

Is it not my ox ? (ઇઝ ઇટ નૉટ માઇ ઑક્સ) શું તે મારો બળદ નથી ?

Is it on the ox ?(ઇઝ ઇટ ઑન ધી ઑક્સ) તે બળદ

It [illegible] ટ ઇઝ યુ નૉટ ધી) તે યુ છે ધી નથી.

પાઠ ૪ થો.

O (ઓ) નો ઉચ્ચાર oo (ઉ) જેવો.	O (ઓ) નો પોહોળો ઉચ્ચાર.
Do (ડુ) કરવું.	Or (ઑર) અથવા, કે.
To (ટુ) ને, પાસે.	For (ફૉર) વાસ્તે, માટે.
Lose (લુઝ) ખોવું, ગુમાવવું,	Saw (સૉ) કરવતી, વેહેરવું; જોયુ

E (ઇ) નો ટુંકો ઉચ્ચાર.

Pen (પૅન) કલમ, લેખણ.	Fell (ફૅલ) પડયું.
Let (લૅટ) દેવું, ભાડે આપવું.	Tell (ટૅલ) કેહવું.
Mend (મૅન્ડ) ઘડવું.	Well (ઉવૅલ) કુવો, સારૂં.
Get (ગેટ) મેળવવું.	Yes (યસ) હા, વારૂં.

Go to bed (ગો ટુ બેડ) બીછાને (પથારીએ સુવા) જાઓ.

Yes let us go (યસ લૅટ અસ ગો) હા ચાલો આપણે જઈએ.

An ox fell into a well (ઍન ઑકસ ફૅલ ઇનટુ આ ઉવેલ) એક બળદ કુવામાં પડયો.

Mend my pen (મૅન્ડ માઈ પૅન) મારી કલમ ઘડો.

Do tell me of it (ડુ ટૅલ મી ઑફ ઇટ) તે વિષે મને કહો.

Do not do so (ડુ નૉટ ડુ સો) એવું કરતા નહી.

Let us get a pen (લૅટ અસ ગૅટ આ પેન) અમને એક કલમ મેળવવા દો.

Mend the pen well (મૅન્ડ ધી પૅન ઉવૅલ) તે કલમ સારી ઘડો

Do not lose the ox (ડુ નૉટ લુઝ ધી ઑકસ) તે બળદને ખોતા નહી.

પાઠ ૫ મો.

A open (એ) નો ખુલો ઉચ્ચાર.

Ask (આસ્ક) પુછવું.	Far (ફાર)
Cask (કાસ્ક) પીપ.	Glass
Fast (ફાસ્ટ) ઉતાવળ, ઝડપ,	Da

The glass fell (ધી ગ્લાસ ફૅલ) તે કાચ પડયો
The ox is fat (ધી ઑાકસ ઇઝ ફૅટ) તે બળદ જાડો છે.
Get the cask up (ગૅટ ધી કાસ્ક અપ) તે પીપ ઉપર લાવો.
It is dark (ઇટ ઇઝ ડાર્ક) અંધારૂ થયું છે.
Ask if it is far (આસ્ક ઇફ ઇટ ઇઝ ફાર) જો તે દુર હોય તો [પુછો
Is is not far ? (ઇઝ ઇટ નૅાટ ફાર) તે વેગળુ નથી ?

પાઠ ૬ ઠો.

Bad (બૅડ) ખરાબ, નઠારૂં.	Can (કૅન) શકવું.
Lad (લૅડ) છોકરો.	Ran (રૅન) દોડયો.
Hat (હૅટ) ઉભી ટોપી.	Mat (મૅટ) સાદડી.
Cat (કૅટ) બીલાડી.	Fat (ફૅટ) જાડું.
Man (મૅન) માણસ, મનુષ્ય.	Rat (રૅટ) ઊંદર.

A cat ran (અૅ કૅટ રૅન) એક બીલાડી દોડી ગઇ.
Ask the lad (આસ્ક ધી લૅડ) તે છોકરાને પુછો.
The bad man fell (ધી બૅડ મૅન ફૅલ) તે ખરાબ માણુસ પડયો
A bad mat (અૅ બૅડ મૅટ) એક ખરાબ સાદડી.
We cannot go (ઉવી કૅન નૅાટ ગો) હમે જઇ શકતા નથી.
The lad is in bed (ધી લૅડ ઇઝ ઇન બૅડ) તે છોકરો બીછાનામાં સુતોછે.
Let us get a cat (લૅટ અસ ગૅટ આ કૅટ) અમને એક બીલાડી લાવવા દો.
The ox ran (ધી ઑાક્સ રૅન) તે બળદ દોડયો.
The m[illegible] far (ધી મૅન રૅન ફાર) તે માણસ દુર દોડયો.
Th[illegible] t far (ધી ઉવૅલ ઇઝ નૅાટ ફાર) તે કુવો દુર નથી

પાઠ ૭ મો.

Bit (બીટ) કટકો.
Sit (સીટ) બેસવું.
Kid (કીડ) બકરીનું બચ્ચું.
Did (ડીડ) કીધું, કર્યું.
Give (ગીવ) આપવું.
Get up (ગૅટ અપ) ઉઠવું.

Six (સીક્ષ) છ, ૬.
Him (હીમ) તેને.
Will (ઉવીલ) ઇચ્છા; ભવિષ્ય કાળની નીશાની.
O man (ઓ મૅન) અરે માણુસ

Is it a fat kid ? (ઇઝ ઇટ આ ફૅટ કીડ) શું તે બકરીનું બચ્ચું જાડું છે ?

Yes, it is (યસ, ઇટ ઇઝ) હા તે છે.

Sin is bad my lad (સીન ઇઝ બૅડ માઇ લૅડ) મારા છોકરા પાપ ખરાબ છે.

O man give me a pen (ઓ મૅન ગીવ મી આ પૅન) અરે માણુસ મને એક કલમ આપ.

Let him mend a pen (લૅટ હીમ મૅન્ડ આ પૅન) તેને એક કલમ ઘડવા દો.

I did not sit on it (આઇ ડીડ નૉટ સીટ ઑાન ઇટ) હું તે ઉપર બેઠો નહી.

We get up at six (ઉવી ગૅટ અપ ઍટ શીક્ષ) હમે છ વાગે ઉઠીએ છીએ.

Yes, give it to me (યસ ગીવ ઇટ ટુ મી) હા, તે મને આપો

If you tell me to go to bed I will go (ઇફ યુ ટૅલ મી ટુ ગો ટુ બૅડ આઇ ઉવીલ ગો) જો તમે મને સુવા જવાને કહેશો તો હું જાઇશ.

Give him a bed or mat to sit on (ગીવ [illegible] ઍ બૅડ ઑાર મૅટ ટુ સીટ ઑાન) તેને બેસવાને એ[illegible] અથવા સાદડી આપો.

Let not the ox go to the we[illegible] ગો ટુ ધી ઉવૅલ) તે બળદને કુ[illegible]

પાઠ ૮ મા.

Dog (ડૉગ) કુત્રો.
Hot (હૉટ) ગરમ.
Beg (બેગ) માગવું, વીનતી.
Sun (સન) સૂરજ.
Cut (કટ) કાપવું, કાપવું.
And (ઍન્ડ) અને, તથા, ને.
The (ધી) તે.
Then (ધૅન) ત્યારે.
But (બટ) પણ.
This (ધીસ) આ.
That (ધૅટ) પેલું.
With (ઉવીથ) સાથે, થી.

Is it this dog or that cat ? tell me (ઇઝ ઈટ ધીસ ડૉગ ઑર ધૅટ કૅટ ટૅલ મી) તે આ કુત્રો છે કે પેલી બીલાડી તે મને કહો.

It is not the dog but that cat (ઈટ ઇઝ નૉટ ધી ડૉગ બટ ધૅટ કૅટ) તે આ કુત્રો નથી પણ તે બીલાડીછે.

If it is not the dog, it is the cat (ઇફ ઈટ ઇઝ નૉટ ધી ડૉગ ઈટ ઇઝ ધી કૅટ) જો તે કુત્રો નહી હોય તો તે બીલાડી હશે.

Cut this pen and mend it for me (કટ ધીસ પૅન ઍન્ડ મેન્ડ ઇટ ફૉર મી) આ કલમ કાપો અને મારે સારૂ ઘડો.

The lad ran fast to the well and fell (ધી લૅડ રૅન ફાસ્ટ ટુ ધી ઉવૅલ ઍન્ડ ફૅલ) તે છોકરો ઉતાવળો કુવા પાસે દોડયો અને પડયો.

The sun is so hot, that I cannot go (ધી સન ઇઝ સો હૉટ ધૅટ આઇ કૅનનૉટ ગો) સૂરજ એટલો ગરમ છે કે હું જઇ શકતો નથી.

If the sun is hot, then do not go so far (ઇફ ધી સન [illegible] હૉટ ધૅન ડુ નૉટ ગો સો ફાર) જો સૂરજ ગરમ [illegible]ાેલ દુર [illegible]શો નહી.

T[illegible] rat ran by the man (ધી કૅટ ઍન્ડ [illegible] મૅન) તે બીલાડી અને ઉંદર તે માણસ

The kid is not fat, but the ox is (ધ કીડ ઇઝ નૉટ ફૅટ બટ ધ ઑક્સ ઇઝ) તે બકરીનું બચ્ચું જાડું નથી પણ તે બળદ છે.

The cat is in the well, let us get it up (ધી કૅટ ઇઝ ઇન ધી વૅલ લૅટ અસ ગૅટ ઇટ અપ) તે બીલાડી કુવામાં પડીછે ચાલો આપણે તેને બાર કાહાડીએ.

It is hot, so do not run fast I beg (ઇટ ઇઝ હૉટ, સો ડુ નૉટ રન ફાસ્ટ આઇ બૅગ) હું અરજ કરું છું કે ગરમીછે તેથી ઉતાવળા દોડશો નહી.

પાઠ ૯ મો.

Face (ફેસ) ચેહેરો.
Pale (પેલ) ફીકુ, નીશ્તેજ.
Hate (હેટ) ધીક્કારવું.
Cane (કેન) નેતર.
Has (હૅઝ) પાસેછે.
Sore (સોર) સુજેલું.
Cure (ક્યૉર) મટાડવું.
Use (યુઝ) વાપરવું, ઉપયોગ.
Lie (લાઇ) જુઠું બોલવું, પડી રેહેવું.
Have (હૅવ) છે, પાસેછે.
Box (બૉક્સ) પેટી.

Rice (રાઇસ) ચોખા, ભાત.
Nice (નાઇસ) સારૂ, સુંદર.
Fine (ફાઇન) સારૂં, ઝીણું.
Bite (બાઇટ) કરડવું, ડંખવું.
Shall (શૅલ) ભવિષ્ય કાળની નીશાની.
Home (હોમ) ઘર.
Hole (હોલ) કાણુ, નાકુ.
Pole (પોલ) લાકડી, કાઠી.
You (યુ) તમે, તમો.
Leg (લૅગ) પગ, ટાંક.
Made (મેડ) બનાવ્યું.

His face his pale (હીઝ ફેસ હીઝ પેલ) તેનો ચેહેરો ફીકોછે.

Hate no man (હેટ નો મૅન) માણસને ધીક્કારો

Can he cure my sore leg I ask
સોર લૅગ આઇ આસ્ક) હું પુછુછું કે
તે સારો કરી શકશે ?

Give me that nice rice (ગીવ મી ધૅટ નાઇસ રાઇસ) મને પેલો સારો ભાત આપો.

Let us go home (લૅટ અસ ગો હોમ) ચાલો આપણે ઘેર જઈએ.

Will you go or not ? (વીલ યુ ગો ઑાર નૉટ ?) તમે જશો કે નહી ?

The box is made of cane (ધી બૉાકસ ઇઝ મેડ ઑાફ કેન) તે પેટી નેતરની બનાવેલીછે.

It is a sin to lie (ઈટ ઇઝ આ સીન ટુ લાઈ) જુઠું બોલવું એ પાપ છે.

I cannot use this pen (આઈ કૅનનૉટ યુઝ ધીસ પૅન) આ કલમ હું વાપરી શકતો નથી.

My cat did not bite the rat (માઈ કૅટ ડીડ નૉટ બાઈટ ધી રૅટ) મારી બીલાડી તે ઊંદરને કરડી નહી.

The dog has a bone (ધી ડૉગ હૅઝ આ બોન) તે કુત્રા પાસે હાડકું છે.

The pole has a hole in it (ધી પોલ હૅઝ આ હોલ ઇન ઈટ) તે લાકડામાં એક કાણું છે.

I shall get a cat if I can (આઇ શૅલ ગૅટ આ કૅટ ઇફ આઇ કૅન) જો મારાથી બનશે તો હું એક બીલાડી લાવીશ.

The dog has a sore leg, has it not ? (ધી ડૉગ હૅઝ આ સોર લૅગ હૅઝ ઈટ નૉટ ?) તે કુતરાનો પગ સુજેલો છે શું તે નથી ?

I shall not get an ox, oh no (આઇ શૅલ નૉટ ગૅટ ઍન ઑાકસ, હો નો) હું એક બળદ લાવીશ નહી, અરે નહી.

I have a fine dog have I not ? (આઇ હૅવ આ ફાઇન ડૉગ હૅવ આઇ નૉટ ?) મારી પાસે એક સુંદર કુતરોછે શું નહી!

પાઠ ૧૦ મો

I (આઇ) હું.
Me (મી) મને.
My (માઇ) મારૂં.
Mine (માઇન) મારૂં.
Thou (ધાઉ) તું.
Thee (ધી) તને.
Thy (ધાઇ) તારૂં.
Thine (ધાઇન) તારૂં.
He (હી) તે, પેલો.
Him (હીમ) તેને, પેલાને.
His (હીઝ) તેનું.
She (શી) પેલી, તે.
Her (હર) પેલીને, તેણીને.
Hers (હર્સ) તેણીનું, પેલીનું.
It (ઇટ) તે.
Its (ઇટસ) તેનું, પેલાનું.
We (ઉવી) હમે.
Us (અસ) હમને, આપણને.
Our (અવર) અમારૂં.
Ours (અવર્સ) અમારૂં, આપણું.
Ye or You (યી ઑર યુ) તમે તમને.
You (યુ) તમો.
Your (યોર) તમારૂં.

Yours (યૉર્સ) તમારૂં.
They (ધે) તેઓ.
Them (ધૅમ) તેમને.
Their (ધેર) તેઓનું.
Theirs (ધેર્સ) તેઓનું.
This (ધીસ) આ.
When (ઉહ્વેન) જ્યારે, ક્યારે.
Help (હૅલ્પ) મદદ કરવી.
These (ધીઝ) આઓ.
Then (ધૅન) ત્યારે.
Sick (સીક) આજારી.
That (ધૅટ) પેલું.
How (હાઉ) કેમ.
Rich (રીચ) પઇસાદાર.
Those (ધોઝ) પેલા.
So (સો) એવું.
Good (ગુડ) સારૂં.
As (ઍઝ) જેમ.
What (ઉવૉટ) શું, કયું.
Boy (બૉય) છોકરો.
So (સો) એવું, એમ.
That (ધૅટ) તે, કે, પેલું.
Like (લાઇક) ચાહવું, પસંદ કરવું.

I am a man (આઇ ઍમ આ મૅન) હું એક મરદ છું.
You are a lad (યુ આર ઍ લૅડ) તમે એક છોકરા છો.
He is pale (હી ઇઝ પેલ) તે ફીકો છે.

She is sick (શી ઇઝ સીક) પેલી આજારી છે.
It is well (ઈટ ઇઝ વૅલ) તે સારૂં છે.
We are not rich (વી આર નૅાટ રીચ) હમે પૈસાદાર નથી.
You are good boys (યુ આર ગુડ બૅાયઝ) તમે સારા છોકરાછો
They are not good boys (ધે આર નૅાટ ગુડ બૅાયઝ) તેઓ સારા છોકરા નથી.
This dog, These dogs (ધીસ ડૅાગ, ધીઝ ડૅાગ્સ) આ કુત્રો, આ કુત્રાઓ.
That cat, Those cats (ધૅટ કૅટ, ધોઝ કૅટ્સ) તે બીલાડી, તે બીલાડીઓ.
When did you go home? (વ્હેન ડીડ યુ ગો હોમ) ક્યારે તમો ઘેર ગયા?
I did not go home then (આઇ ડીડ નૅાટ ગો હોમ ધૅન) હું ત્યારે ઘેર ગયો નહી.
How is this? હાઉ ઇઝ ધીસ? આ આમ કેમ, આ કેવું છે?
So it is or it is so (સો ઈટ ઇઝ ઑર ઈટ ઇઝ સો) તે તેમછે, તે તેવું છે.

પાઠ ૧૧ મો.

Do-ing (ડુઇંગ) કરતાં, કરીને. Run-ning (રનીંગ) દોડતાં, દોડીને Mending (મૅનડીંગ) ઘડતાં, ઘડીને.
What is the man doing? tell me (વૅાટ ઇઝ ધી મૅન ડુઇંગ? ટૅલ મી) તે માણસ શું કરેછે? મને કહો.
He is mending a pen for the lad (હી ઇઝ મેન્ડીંગ આ પૅન ફોર ધ લૅડ) તે તે છોકરા સારૂ એક કલમ ઘડેછે.
That is what he is doing (ધૅટ ઇઝ વૅાટ હી ઇઝ ડુઇંગ) ને તે કરેછે તે શું છે.

The lad is run-ning by the well (ધ લૅડ ઇઝ રનીંગ બાઇ ધ વેલ) તે છોકરો કુવા પાસે દોડેછે.
Do this for me (ડુ ધીસ ફૉર મી) આ મારે સારૂ કરો.
I will do that for you (આઇ વીલ ડુ ધૅટ ફૉર યુ) હું તે તમારે વાસ્તે કરીશ.
This is my dog (ધીસ ઇઝ માઇ ડૉગ) આ મારો કુત્રોછે.
This dog is mine (ધીસ ડૉગ ઇઝ માઇન) આ કુત્રો મારોછે.
I will go for him (આઇ વીલ ગો ફૉર હીમ) હું તેને માટે જાઇશ.
I like her, she is so good (આઇ લાઇક હર, શી ઇઝ સો ગુડ) તે એવી સારી છે કે હું તેણીને ચાહુંછું.
Sin is bad I hate it (સીન ઇઝ બૅડ આઇ હેટ ઇટ) પાપ ખરાબ છે હું તેને ધીકારૂં છું.
That is his ox (ધૅટ ઇઝ હીઝ ઑક્સ) પેલો તેનો બળદ છે.
That ox is his (ધૅટ ઑક્સ ઇઝ હીઝ) પેલો બળદ તેનો છે.
O good man help us (ઓ ગુડ મૅન હેલ્પ અસ) અરે સારા માણસ હમને મદદ કર.
I will help you (આઇ વીલ હેલ્પ યુ) હું તમને મદદ કરીશ
Give them that rice (ગીવ ધેમ ધૅટ રાઇસ) તેમને તે ચોખા આપો.
The rats ran (ધી રૅટસ રૅન) તે ઉંદરો દોડયા.
The dog bit them (ધી ડૉગ બીટ ધેમ) તે કુત્રો તેમને કરડયો
The rice is yours (ધી રાઇસ ઇઝ યૉર્સ) તે ચોખા તમારાછે.

પાઠ ૧૨ મો.

Ship (શીપ) વાહાણ, નૌકા.
Share (શેર) ભાગ, પાંતી.
Shop (શૉપ) દુકાન.
Short (શૉર્ટ) ઠીંગણું.
Shore (શોર) કીનારો.
More (મોર) વધારે.
Stick (સ્ટીક) લાકડી.
Stare (સ્ટૅર) તાકીને જોવું.
Slate (સ્લેટ) પથ્થર પાટી.
Time (ટાઇમ) વખત.
Chin (ચીન) હડપચી.
Wish (ઉવીશ) મરજી, ચાહવું.
Shut (શટ) બંધ કરવું.
Chip (ચીપ) સળી.
Much (મચ્છ) ઘણું.
Knife (નાઇફ) છરી; ચાકુ.

The ship has got to the shore (ધી શીપ હૅઝ ગૉટ ટુ ધ શોર) તે વાહાણ કીનારે આવ્યું છે.

My share is more than that (માઇ શેર ઇઝ મોર ધૅન ધૅટ) મારો ભાગ તેના કરતાં વધારેછે.

Do you wish to be rich ? I do not (ડુ યુ ઉવીશ ટુ બી રીચ ? આઇ ડુ નૉટ) તમે પૈસાદાર થવાને ઇચ્છો છો ? હું નથી ઇચ્છતો.

Shut up the shop for me, my lad (શટ અપ ધ શૉપ ફૉર મી, માઇ લૅડ) માહરા છોકરા માહરે વાસ્તે દુકાન બંધ કર

Give the stick to the man (ગીવ ધ સ્ટીક ટુ ધ મૅન) તે લાકડી તે માણસને આપો.

The lad is short but not bad (ધી લૅડ ઇઝ શૉર્ટ બટ નૉટ બૅડ) તે છોકરો ઠીંગણો છે પણ ખરાબ નથી.

Give the boy his share of rice (ગીવ ધ બૉય હીઝ શેર ઑફ રાઇસ) તે છોકરાને તેનો ચોખાનો ભાગ આપો.

He is running on the shore (હી ઇઝ રનીંગ ઑન ધ શોર) તે કીનારાપર દોડેછે.

Is it *chip* or *ship* ? (ઇઝ ઇટ ચીપ ઑર શીપ) તે ચિપ છે કે શીપ ?

I have cut my chin with a knife (આઇ હૅવ કટ માઇ ચીન વીથ આ નાઇફ) મેં મારી હડપચી આકુથી કાપીછે.

They wish to be rich (ધે વીશ ટુ બી રીચ) તેઓ પૈસાદાર થવાને ઇચ્છેછે.

This is his shop (ધીસ ઇઝ હીઝ શૉપ) આ તેની દુકાનછે.

The boy has his slate (ધી બૉય હૅઝ હીઝ સ્લેટ) તે છોકરા પાસે તેની પથ્થર પાટીછે.

The man is not good (ધી મૅન ઇઝ નૉટ ગુડ) તે માણસ સારો નથી.

I wish to have my share and no more (આઇ વીશ ટુ હૅવ માઇ શૅર ઍન્ડ નો મોર) હું મારો ભાગ લેવાને ચાહુ છું અને વધારે નહી.

It is time to shut up the shop (ઇટ ઇઝ ટાઇમ ટુ શટ અપ ધ શૉપ) દુકાન બંધ કરવાનો વખત થયોછે.

પાઠ ૨૩ મો.

I have (આઇ હૅવ) મારી પાસે છે.
Thou hast (ધાઉ હૅસ્ટ) તારી પાસે છે.
He has (હી હૅઝ) તેની પાસે છે.
We have (વી હૅવ) હમારી પાસે છે.
You have (યુ હૅવ) તમારી પાસેછે.
They have (ધે હૅવ) તેઓની પાસે છે.
I shall be (આઇ શૅલ બી) હુ થઇશ.
Thou wilt be (ધાઉ વીલ્ટ બી) તું થશે.
He will be (હી વીલ બી) તે થશે.
We shall be (વી શૅલ બી) હમે થઇશું.
You will be (યુ વીલ બી) તમે થશો.

They will be (ધે ઉવીલ બી) તેઓ થશે.

Made (મેડ) બનાવ્યું.
Truth (ત્રુથ) સચ્ચાઈ; સત્યતા.
Ear (ઈઅર) કાન; કર્ણ.
Wrong (રૉંગ) ખોટું.
Hear (હીઅર) સાંભળવું.
First (ફર્સ્ટ) પેહેલું.

Who (હુ) કોણ, જે.
Like (લાઈક) ચાહાવું.
Speak (સ્પિક) બોલવું.
Best (બેસ્ટ) ઉત્તમ, સૌથી સારૂં
Book (બુક) ચોપડી.

Of whom, whose (ઑફ હુમ; હુઝ) કોણને વીશે, કોણનું.
To whom (ટુ હુમ) કોણને; કોને.
Whom (હુમ) કોનને.
O thou, who (ઓ ધાઉ હુ) અરે તું કોણ.
By whom (બાય હુમ) કોનાથી, કોના થકી.
What (ઉવૉટ) શું, કોણ.
Of what; to what (આફ ઉવૉટ; ટુ ઉવૉટ) શાને વીશે, શાનુ.
What man (ઉવૉટ મૅન) કયો માણસ.
What thing (ઉવૉટ થીંગ) કઈ ચીજ.

Why (ઉવાય) સા સારૂ.
Because (બીકૉઝ) કારણ કે.
Terefore(ધૅરફૉર) તેટલા માટે.
When (ઉવ્હેન) ક્યારે.
Then (ધૅન) ત્યારે.

Now (નાઉ) હમણા.
Where (ઉવ્હૅર) ક્યાં, જ્યાંહા.
Here (હીઅર) અહીયાં.
There ધેર) ત્યાં.

Who is it? It is I (હુ ઈઝ ઈટ ? ઈટ ઈઝ આઈ) તે કોણ છે ? તે હું છું.
Whose is the cane? (હુઝ ઈઝ ધ કેન?) તે નેતર કોણની છે?
Mine. It is mine (માઈન. ઈટ ઈઝ માઈન) મારી. તે મારીછે.
What is it? The cat (ઉવૉટ ઈઝ ઈટ ? ધ કૅટ) તે શું છે ? તે બીલાડી છે.
Of whom do you speak? Of you (ઑફ હુમ ડુ યુ સ્પિક ? ઑફ યુ) તમે કોણ વિષે બોલો છો ? તમારા વિષે.

O thou who hast made all things, hear me (ઓ ધાઉ હું હૅસ્ટ મેડ ઑાલ થીંગસ હીઅર મી) અરે તું કે જેણે સઘલી ચીંજો બનાવેલીછે તે મારૂં સાંભળ.

He that has ears to hear, let him hear (હી ધૅટ હૅઝ ઇઅર્સ ટુ હીઅર લેટ હીમ હીઅર) તે કે જેણે સાંભળવાને કાન છે તેને સાંભળવા દો.

Which boy is best at his task ? This boy (હ્વીચ બૉય ઇઝ બૅસ્ટ ઍટ હીઝ ટાસ્ક ? ધીસ બૉય) કયો છોકરો પોતાનો પાઠ શીખવામાં સારો છે ? આ છોકરો.

He that made the ear, shall he not hear ? (હી ધૅટ મેડ ધ ઇઅર, શૅલ હી નૉટ હીઅર ?) જેણે સાંભળવાને કાન બનાવ્યાછે તે સાંભળશે નહી !

He who speaks lies is a bad man (હી હુ સ્પિક્સ લાઇઝ ઇઝ આ બૅડ મૅન (જે જુઠું બોલેછે તે ખરાબ માણસ છે.

Where is the ox ? The ox is here (હ્વેહૅર ઇઝ ધ ઑક્સ ? ધી ઑક્સ ઇઝ હીઅર) તે બળદ ક્યાં છે ? તે બળદ અહીઆંછે.

By whom were all things made ? (બાઇ હુમ હ્વેર ઑાલ થીંગસ મેડ ?) સઘળી વસ્તુઓ કોણે ઉત્પન્ન કરી.

Why should we speak the truth ? (હ્વાય શુડ હ્વી સ્પિક ધ ટ્રુથ ? શામાટે આપણે શાચું બોલવું જોઇએ ?

Be-cause it is good to do so (બીકૉઝ ઇટ ઇઝ ગુડ ટુ ડુ સો) કારણકે એમ કરવું સારૂં છે.

There-fore we will not tell lies (ધૅરફૉર હ્વી વીલ નૉટ ટૅલ લાઇઝ) તેટલા માટે હમે જુઠું બોલીશુ નહી.

પાઠ ૧૪ મો.

Goat (ગોટ) બકરો.
Boat (બોટ) મછવો.
Coast (કોસ્ટ) કિનારો.
Crowd (ક્રાઉડ) ભીડ, ટોળું.
Proud (પ્રાઉડ) મગરૂર.
Owl (આઉલ) ઘુવડ પક્ષી.
Look (લુક) જોવું, દેખવું.
Book (બુક) પુસ્તક, ચોપડી.
Cook (કુક) બબરચી, રસોયો.
Oil (ઑઇલ) તેલ.
Boil (બૉઇલ) ઉકાળવું.
Coil (કૉઇલ) વિંટવું, વિંટાળવું.
School (સ્કુલ) નિશાળ.
Fool (ફુલ) બેવકુફ, મુર્ખ.
Rule (રુલ) કાયદો, રાજ કરવું,
Soul (સોલ) આત્મા, જીવ.
Hole (હોલ) બાકું, કાણું.
Blow (બ્લો) ફટકો, ઠોંસો.
Floor (ફલોર) ભોંય, જમીન.
Door (ડોર) બારણું, કમાડ.
Bore (બોર) કાણું પાડવું.
All (ઑલ) સર્વ. સઘલું.
Call (કૉલ) બોલાવવું, તેડવું.
Fall (ફૉલ) પડવું.
Bee (બી) મધમાખ.
See (સી) જોવું.

Sea (સી) માહાસાગર, દરિઓ.
Day (ડે) દિવસ.
Way (વે) રસ્તો, માર્ગ.
Bay (બે) અખાત.
Tail (ટેલ) પુછડી.
Pain (પેન) દુ:ખ.
Gray (ગ્રે) કાબર ચિત્રુ.
Dare (ડેર) હીંમત કરવી.
Bare (બેર) નાગું, ઉઘાડું.
Fair (ફેર) મેળો, ભલા, શુંદર.
Mere (મીઅર) માત્ર, ફકત.
Appear (ઍપીઅર) દીસવું,
Clear (કલીઅર) સ્વચ્છ.
One (વન) એક.
Gun (ગન) બંદુક.
Stun (સ્ટન) બેહેર કરવું.
Hurt (હર્ટ) દુ:ખ દેવું.
Fir (ફર) દેવદારનું લાકડું.
Fur (ફર) રૂઆં.
Stir (સ્ટર) હલાવવું.
Worse (વર્સ) વધારે ખરાબ.
Purse (પર્સ) કોથળી.
Bring (બ્રીંગ) લાવવું.
Wing (વીંગ) પાંખ.
Sting (સ્ટીંગ) ડંખવું.

Stir up the rice (સ્ટર અપ ધ રાઇસ) ભાત હલાવો.

See, there is a bee (સી, ધૅર ઇઝ આ બી) જુઓ ત્યાં એક મધમાખ છે.

Is it *sea* or *see* ? (ઇઝ ઇટ સી ઑર સી) તે શબ્દ sea છે કે see ?

The pen is on the floor (ધી પૅન ઇઝ ઑન ધ ફ્લૉર) તે કલમ પાટીઆંની જમીન ઉપર છે.

The boat is on the coast (ધી બોટ ઇઝ ઑન ધ કોસ્ટ) તે મછવો કીનારે છે.

પાઠ ૧૫ મો.

I was (આઇ વૉઝ) હું હતો.
Thou wast (ધાઉ વૉસ્ટ) તું હતો.
He was (હી વૉઝ) તે હતો,
We were (ઉવી ઉવૅર) હમે હતા.
You were (યુ ઉવૅર) તમે હતા.
They were (ધે ઉવૅર) તેઓ હતા.
I see (આઇ સી) હું જોઉછું.
Thou seest (ધાઉ સીએસ્ટ) તું જોએછે.
He sees (હી સીઝ) તે જુવેછે.
We see (ઉવી સી) હમે જોઇએ છીએ.
You see (યુ સી) તમે જુવોછો.
They see (ધે સી) તેઓ જુવેછે.
I saw (આઇ સૉ) મેં જોયું.
Thou sawest (ધાઉ સૉઍસ્ટ) તેં જોયું.
He saw (હી સૉ) તેણે જોયું.
We saw (ઉવી સૉ) હમે જોયું.
You saw (યુ સૉ) તમે જોયું.

A goat has more hair than dog (એ ગોટ હૅઝ મૉર હૅર ધેન આ ડૉગ) બકરાને કુત્રા કરતાં વધારે વાળ હોયછે.

He is a fool. Why? He tells lies (હી ઇઝ આ ફુલ. હ્વાય ? હી ટેલ્સ લાઇસ) તે મુર્ખછે, શા માટે ? તે જુઠું બોલે છે.

He saw me first (હી સૉ મી ફર્સ્ટ) તેણે મને પેહેલો દીઠો.

The man had a fair skin (ધી મૅન હૅડ આ ફૅર સ્કીન) તે માણસની ચામડી ગોરી હતી.

Call the lad. My lad, come to us (કૉલ ધી લૅડ માઇ લૅડ કમ ટુ અસ) તે છોકરાને બોલાવો. મારા છોકરા હમારી પાસે આવ.

A Goat's skin is hairy (ઍ ગોટ્સ સ્કીન ઇઝ હેરી) બકરાની ચામડી વાળ વાળીછે.

My lad, bring the book (માઇ લૅડ બ્રીંગ ધી બુક) મારા છોકરા ચોપડી લાવ.

Speak clearly (સ્પીક કલીઅરલી) ખુલી રીતે બોલો.

An ox has hair, not fur (ઍન ઑક્સ હૅઝ હૅર નૉટ ફર) બળદને વાળ હોય છે પણ રૂઆં હોતાં નથી.

પાઠ ૧૬ મો.

I do (આઇ ડુ) હું કરૂંછું.

Thou doest (ધાઉ ડુએસ્ટ) તું કરેછે.

He does (હી ડઝ) તે કરેછે.

We do (વી ડુ) અમે કરીએ છીએ.

You do (યુ ડુ) તમે કરોછો.

They do (ધે ડુ) તેઓ કરેછે.

I did (આઇ ડીડ) મેં કર્યું.

Thou didst (ધાઉ ડીડસ્ટ) તેં કર્યું.

He did (હી ડીડ) તેણે કર્યું.

We did (વી ડીડ) હમે કર્યું.

You did (યુ ડીડ) તમે કર્યું.

They did (ધે ડીડ) તેઓએ કર્યું.

I shall do (આઈ શૅલ ડુ) હું કરીશ.
Thou wilt do (ધાઉ ઉવીલ્ટ ડુ) તું કરશે.
He will do (હી ઉવીલ ડુ) તે કરશે.
We shall do (ઉવી શૅલ ડુ) હમે કરીશું.
You will do (યુ ઉવીલ ડુ) તમે કરશો.
They will do (ધે ઉવીલ ડુ) તેઓ કરશે.

Good (ગુડ) સારૂ, નેક.
Tall (ટૉલ) ઊંચુ.
Small (સ્મૉલ) ન્હાનું.
Little (લીટલ) જરાક, થોડું.
Bad (બૅડ) ખરાબ.
Much (મચ્છ) ઘણું.
Large (લાર્જ) મ્હોટું.
Taller (ટૉલર) વધારે ઊંચુ.
Better (બૅટર) વધારે સારૂ.
Smaller (સ્મૉલર) વધારે ન્હાનુ
Less (લૅસ) વધારે થોડું.
Gray (ગ્રે) કાબરચીત્રુ.

More (મોર) વધારે.
Larger (લારજર) વધારે મ્હોટું
Tallest (ટૉલેસ્ટ) સૌથી ઊંચુ.
Best (બૅસ્ટ) સૌથી સારૂં, ઉત્તમ
Smallest (સ્મૉલેસ્ટ) સૌથી ન્હાનુ.
Least (લીસ્ટ) સૌથી થોડું.
Worst (ઉવર્સ્ટ) સૌથી ખરાબ.
Most (મોસ્ટ) સૌથી વધારે.
Largest (લારજેસ્ટ) સૌથી મ્હોટું.
Cow (કાઉ) ગાય.

Worse (ઉવર્સ) વધારે ખરાબ.
I like him more than you (આઇ લાઇક હીમ મોર ધૅન યુ) હું તેને તમારા કરતાં વધારે ચાહુંછું.
I like him most of all (આઇ લાઇક હીમ મોસ્ટ ઑફ ઑલ) હું તેને સઘળા કરતાં વધારે ચાહું છું.
I will do my best for you (આઇ ઉવીલ ડુ માઇ બૅસ્ટ ફૉર યુ) હુ તમારે વાસ્તે મારાથી બનશે એટલું કરીશ.
Vishnu is better than Balvant (વીષ્ણુ ઇઝ બૅટર ધૅન બળવંત) વીષ્ણુ બળવંત કરતાં સારો છોકરો છે.
The man is tall-er than the lad (ધી મૅન ઇઝ ટૉલર ધૅન ધ લૅડ) તે માણસ તે છોકરા કરતાં વધારે ઊંચો છે.

. They will do what they can for me (ધે ઉવીલ ડુ ઉવૉટ ધે કૅન ફૉર મી) તેઓ મારે સારૂ જે કરી શકશે તે કરશે.

A man has a soul (આ મૅન હૅઝ આ સોલ) માણસને આત્મા હોયછે.

A cow has not a soul (આ કાઉ હૅઝ નૉટ આ સોલ) ગાયને આત્મા નથી.

Govind has grey hair (ગોવીંદ હૅઝ ગ્રે હૅર) ગોવીંદને કાબર ચીતરા બાળ છે.

A ship is larger than a boat (આ શીપ ઇઝ લાર્જર ધૅન આ બોટ) વહાણ મછવા કરતાં વધારે મોટું છે.

I have a pain in my ear (આઇ હૅવ આ પેન ઇન માઇ ઇયર) મારા કાનમાં એક દરદ છે.

I saw an owl at the well (આઇ સૉ ઍન આઉલ ઍટ ધી ઉવૅલ) મેં કુવા આગળ એક ઘુવડ જોયું.

Boil the rice and stir it (બૉઇલ ધી રાઇસ ઍન્ડ સ્ટર ઇટ) ચોખા ઉકાળો અને તે હલાવો.

He does not speak the truth (હી ડઝ નૉટ સ્પીક ધ ટ્રુથ) તે સાચું બોલતો નથી.

I will shut up the shop (આઇ ઉવીલ શટ અપ ધ શૉપ) હું દુકાન બંધ કરીશ.

I can not see the sea (આઇ કૅન નૉટ સી ધ સી) હું દરિયો જોઈ શકતો નથી.

I shall do what I can for them (આઇ શૅલ ડુ ઉવૉટ આઇ કૅન ફૉર ધૅમ) મારાથી બનશે એટલું હું તેમને વાસ્તે કરીશ.

Call the cook to me (કૉલ ધ કુક ટુ મી) રસોયાને મારી પાસે બોલાવો.

Give me some more rice (ગીવ મી સમ મોર રાઇસ) મને થોડો વધારે ભાત આપો.

I did not see the ship (આઈ ડીડ નૉટ સી ધ શીપ) મેં તે વાહાણ જોયું નથી.

A boat is smaller than a ship (આ બોટ ઈઝ સ્મૉલર ધૅન આ શીપ) મછવો વાહાણ કરતાં વધારે ન્હાનો હોય છે.

The door is made of fir-wood (ધી ડોર ઈઝ મેડ ઑફ ફર ઉડ) તે બારણું દેવદારના લાકડાનું બનાવેલું છે.

પાઠ ૧૭ મો.

Creep (ક્રીપ) પેટે ચાલવું.
Frog (ફ્રૉગ) દેડકો.
Egg (ઍગ) ઈંડું.
Walk (ઉવૉક) ચાલવું.
Crawl (ક્રૉલ) પેટે ચાલવું.
Jump (જમ્પ) કુદવું.
Worm (ઉવર્મ) કીડો.
Herb (અર્બ) વનસ્પતી.
Hill (હીલ) ટેકરી.
Earth (આર્થ) પૃથ્વી, જમીન.
Swim (સ્વીમ) તરવું.
Night (નાઈટ) રાત્રી, રાત.
Fruitful (ફ્રૂટફુલ) ફળદ્રુપ.
Leaf (લીફ) પાંદડું.
Leaves (લીવ્ઝ) પાંતરાંઓ.
Grass (ગ્રાસ) ઘાસ.
Live (લીવ) રેહેવું, જીવવું.
Law (લૉ) કાયદો.
Plant (પ્લૅન્ટ) રોપો, વનસ્પતી

Tree (ટ્રી) ઝાડ.
World (ઉવર્લ્ડ) દુનિઆ, પૃથ્વી.
Fly (ફ્લાઇ) માખી, ઉડવું.
Day (ડે) દિવસ, દહાડો.
Town (ટાઉન) શેહેર.
Field (ફીલ્ડ) ખેતર.
Milk (મીલ્ક) દુધ.
Alive (અલાઈવ) જીવતું.
Full (ફુલ) ભરેલું.
Run up (રનઅપ) ચઢવું.
Use-ful (યુસફુલ) ઉપયોગી, કામનું.
Care-ful (કેરફુલ) સાવધ.
Partly (પાર્ટલી) થોડું.
Fish (ફીશ) માછલી.
Bird (બર્ડ) પક્ષી.
Rain (રેન) વરસાદ.
Water (ઉવૉટર) પાણી.
Land (લૅન્ડ) જમીન.

Beast (બીસ્ટ) હેવાન, પશુ.
Up (અપ) ઉપર.
Down (ડાઉન) નીચે.
With (ઉવીથ) સાથે, થી.
Near (નીઅર) પાસે, નજદીક.
Standing (સ્ટેનડીંગ) ઉભાં રેહેતાં.
By (બાય) પાસેથી.
To (ટુ) ને, પાસે.
From (ફ્રૅામ) પાસેથી.
Without (ઉવીથઆઉટ) વગર, સીવાય.
Afar (અફાર) દુર, આઘે.
Sitting (સીટીંગ) બેસતાં.
About (અબાઉટ) આસપાસ.
Around (એરાઉન્ડ) આસપાસ
Off (ઑફ) દુર, છેટે.
On (ઑન) ઉપર, આગળ.
Lying (લાઈંગ) પડી રેહેતાં.
Shining (શાઈનીંગ) ચળકતું.

Run up to the hill (રન અપ ટુ ધ હીલ) તે ટેકરી ઉપર ચઢો.
Walk down to the town (ઉવૅાક ડાઉન ટુ ધ ટાઉન) તે શેહેર તરફ જાઓ.
Go off to school (ગો ઑફ ટુ સ્કુલ) નિશાળે જતા રેહો.
I did not go with the man (આઇ ડીડ નૅાટ ગો ઉવીથ ધ મૅન) હું તે માણસ સાથે ગયો નહીં.
The earth is partly land (ધ અર્થ ઇઝ પાર્ટલી લૅન્ડ) પૃથ્વીનો થોડો ભાગ જમીનછે.
The earth is partly water (ધી અર્થ ઇઝ પાર્ટલી વૅાટર) પૃથ્વીનો થોડો ભાગ પાણીછે.
Be careful with that gun (બી કેરફુલ ઉવીથ ધૅટ ગન) તે બંદુકથી સાવધ રેહેજો.
Trees have leaves (ટ્રીઝ હૅવ લીવઝ) ઝાડોને પાંતરા હોયછે.
Dogs have hair (ડૅાગસ હૅવ હૅર) કુતરાઓને બાળ હોયછે.
Do not go without me (ડુ નૅાટ ગો ઉવીથઆઉટ મી) મારા વિના જશો નહી.
The lad is sitting near the door (ધી લૅડ ઇઝ સીટીંગ નીઅર ધ ડૅાર) તે છોકરો બારણા પાસે બેઠોછે.

The star is shining afar off (ધી સ્ટાર ઈઝ શાઈનીંગ અફાર ઑફ) તે તારો ઘણો દૂર પ્રકાશેછે.
The ox is standing in the field (ધી ઑક્સ ઇઝ સ્ટૅન-ડીંગ ઇન ધી ફીલ્ડ) તે બળદ ખેતરમાં ઉભોછે.
The ox lives on grass (ધી ઑક્સ લીવ્ઝ ઑન ગ્રાસ) બળદ ઘાસ ખાઈને જીવેછે.
Vishnu go with Govind (વીષ્નુ, ગોઉવીથ ગોવીંદ) વિષ્ણુ ગોવીંદ સાથે જા.
That is a fine tree (ધૅટ ઈઝ આ ફાઇન ટ્રી) તે એક સુંદર ઝાડછે.
Herbs are useful to men (અર્બ્સ આર યુસફુલ ટુ મેન) વનસ્પતી માણસોને ઉપયોગીછે.
What a fine hill! (હ્વૉટ આ ફાઈન હીલ!) કેવી એક સુંદર ટેકરી!
Where do you live ?(હ્વેર ડુ યુ લીવ ?) તમે ક્યાં રહોછો.
Fishes swim (ફીશીસ સ્વીમ) માછલાંઓ તરેછે.
Worms crawl (ઉવર્મ્સ ક્રૉલ) કીડા પેટે ચાલેછે.
Frogs jump (ફ્રૉગ્સ જમ્પ) દેડકા કુદેછે.
Birds fly (બર્ડ્સ ફ્લાઇ) પક્ષીઓ ઉડેછે.
Dogs run (ડૉગસ રન) કુત્રા દોડેછે.
Men walk (મેન ઉવૉક) માણસ ચાલેછે.

પાઠ ૧૮ મો.

I go (આઈ ગો) હું જાઉંછું.
Thou goest (ધાઉ ગોએસ્ટ) તું જાયછે.
He goes (હી ગોઝ) તે જાયછે.
We go (ઉવી ગો) હમે જઇએ છીએ.
You go (યુ ગો) તમે જાઓછો
They go (ધે ગો) તેઓ જાયછે
I went (આઇ ઉવેન્ટ) હું ગયો
Thou wentest (ધાઉ ઉવેન્ટેસ્ટ) તું ગયો.
He went (હી ઉવેન્ટ) તે ગયો.

We went (હ્વી વેન્ટ) હમે ગયા.
You went (યુ ઉવેન્ટ) તમે ગયા.
They went (ધે ઉવેન્ટ) તેઓ ગયા.
Some (સમ) કોઈ, કેટલાક.
Part (પાર્ટ) હીસ્સો; ભાગ.
All (ઑાલ) સઘલુ; સર્વ.
So much (સોમચ્છ) એટલું બધું.
So little (સો લીટલ) એટલું થોડું.
Very much (વેરી મચ્છ) ઘણું બધું.
Very little (વેરી લીટલ) ઘણું થોડું.
How much ? (હાઉમચ્છ?) કેટલું બધું ?
Too much (ટૂ મચ્છ) ઘણું બધું.
How little (હાઉ લીટલ) કેટલું થોડું.
Too little (ટૂ લીટલ) ઘણું થોડું.
Time (ટાઇમ) વખત; સમય.
Hedge (હૅડજ) ઝાડી.
Edge (ઍડજ) કોર. ચાકુ વગેરેની ધાર.
Pull (પુલ) ખેંચવું તાંણવું.
End (એન્ડ) છેડો; અંત.
God (ગૉડ) ઈશ્વર; પરમેશ્વર.
Kind (કાઈન્ડ) માયાળુ, દયાળુ
Help (હૅલ્પ) મદદ; સહાયતા.
Bone (બોન) હાડકું.
Steal (સ્ટીલ) ચોરવું.
Thief (થીફ) ચોર.
Claw (ક્લૉ) નખ, પંજો.
Eye (આઇ) આંખ.
Lay (લે) મુકવું; ગીત, કવિતા.
Put (પુટ) મુકવું, મુકવું.
Sharp (શાર્પ) તીક્ષ્ણ.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Behind (બીહાઈન્ડ) પાછળ; પછવાડે.
Done (ડન) કીધેલું.
Beast (બીસ્ટ) હેવાન; પશુ.

I went into town (આઈ ઉવેન્ટ ઈનટૂ ટાઉન) હું શેહેરમાં ગયો.

I went with Bapoo (આઈ ઉવેન્ટ ઉવીથ બાપુ) હું બાપુ સાથે ગયો.

